# સત્સંગદીક્ષા




## મુખપાઠ શ્રેણી : ૦૧

પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય,
બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.

## બાળમિત્રો,

## આનંદો... આનંદો... આનંદો...

**૬૪ દિવસ** ખૂબ ભીડો વેઠી
પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજે આ ગ્રંથ
આપણને ભેટ આપ્યો છે.

તો હવે... આપણે પણ...

**૬૪ દિવસ** સખત મહેનત કરીને આ ગ્રંથનો
મુખપાઠ કરી સ્વામીશ્રીને રાજી કરીશું...

બાળમિત્રો, આજથી બરાબર ૬૪ દિવસ બાદ
એટલે કે ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૦ ના રોજ સ્વામીશ્રીનો
જન્મદિવસ છે. એટલે તે દિવસે આપણે સૌએ આ
ગ્રંથનો સંપૂર્ણ મુખપાઠ કરી સ્વામીશ્રીને જન્મદિવસની
ભેટ આપવાની છે.

તો... થઈ જાઓ તૈયાર... યાદ રહે...

## 64 Days

લક્ષ્યાંક તારીખ - ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૦

બાકી દિવસો - ૬૪ દિવસ

કુલ શ્રેણી - ૨૧ શ્રેણી (૩૧૫ શ્લોક)

શ્રેણી દીઠ - ૧૫ શ્લોક

स्वामिनारायण
BAPS

स्वामिनारायणः साक्षाद् अक्षरपुरुषोत्तमः।
सर्वेभ्यः परमां शान्तिम् आनन्दं सुखमर्पयेत्॥१॥

સ્વામિનારાયણઃ સાક્ષાદ્ અક્ષરપુરુષોત્તમઃ।
સર્વેભ્યઃ પરમાં શાંતિમ્ આનંદં સુખમર્પયેત્॥૧॥

સ્વામિનારાયણ ભગવાન એટલે કે સાક્ષાત્ અક્ષરપુરુષોત્તમ મહારાજ સર્વને પરમ શાંતિ, આનંદ અને સુખ અર્પે. (૧)

देहोऽयं साधनं मुक्तेर्न भोगमात्रसाधनम्।
दुर्लभो नश्वरश्चाऽयं वारंवारं न लभ्यते॥२॥

દેહોયં સાધનં મુક્તેર્ન ભોગમાત્રસાધનમ્।
દુર્લભો નશ્વરશ્ચાયં વારંવારં ન લભ્યતે॥૨॥

આ દેહ મુક્તિનું સાધન છે, કેવળ ભોગનું સાધન નથી. દુર્લભ અને નાશવંત એવો આ દેહ વારંવાર મળતો નથી. (૨)

लौकिको व्यवहारस्तु देहनिर्वाहहेतुकः।
नैव स परमं लक्ष्यम् अस्य मनुष्यजन्मनः॥३॥

લૌકિકો વ્યવહારસ્તુ દેહનિર્વાહહેતુકઃ।
નૈવ સ પરમં લક્ષ્યમ્ અસ્ય મનુષ્યજન્મનઃ॥૩॥

લૌકિક વ્યવહાર તો દેહના નિર્વાહ માટે છે. તે આ મનુષ્ય જન્મનું પરમ લક્ષ્ય નથી. (૩)

नाशाय सर्वदोषाणां ब्रह्मस्थितेरवाप्तये।
कर्तुं भगवतो भक्तिम् अस्य देहस्य लम्भनम्॥४॥
सर्वमिदं हि सत्सङ्गाल्लभ्यते निश्चितं जनैः।
अतः सदैव सत्सङ्गः करणीयो मुमुक्षुभिः॥५॥

નાશાય સર્વદોષાણાં બ્રહ્મસ્થિતેરવાપ્તયે।
કર્તું ભગવતો ભક્તિમ્ અસ્ય દેહસ્ય લંભનમ્॥૪॥
સર્વમિદં હિ સત્સંગાલ્લભ્યતે નિશ્ચિતં જનૈઃ।
અતઃ સદૈવ સત્સંગઃ કરણીયો મુમુક્ષુભિઃ॥૫॥

સર્વ દોષોને ટાળવા, બ્રહ્મસ્થિતિને પામવા અને ભગવાનની ભક્તિ કરવા આ દેહ મળ્યો છે. આ બધું સત્સંગ કરવાથી અવશ્ય પ્રાપ્ત થાય છે. આથી મુમુક્ષુઓએ સદાય સત્સંગ કરવો. (૪-૫)

सत्सङ्गः स्थापितस्तस्माद् दिव्योऽयं परब्रह्मणा।
स्वामिनारायणेनेह साक्षादेवाऽवतीर्य च॥६॥

સત્સંગઃ સ્થાપિતસ્તસ્માદ્ દિવ્યોયં પરબ્રહ્મણા।
સ્વામિનારાયણેનેહ સાક્ષાદેવાવતીર્ય ચ॥૬॥

તેથી પરબ્રહ્મ સ્વામિનારાયણે આ લોકમાં સાક્ષાત્ અવતરીને આ દિવ્ય સત્સંગની સ્થાપના કરી. (૬)

सत्सङ्गस्याऽस्य विज्ञानं मुमुक्षूणां भवेदिति।
शास्त्रं सत्सङ्गदीक्षेति शुभाऽऽशयाद् विरच्यते॥७॥

સત્સંગસ્યાસ્ય વિજ્ઞાનં મુમુક્ષૂણાં ભવેદિતિ।
શાસ્ત્રં સત્સંગદીક્ષેતિ શુભાશયાદ્ વિરચ્યતે॥૭॥

આ સત્સંગનું જ્ઞાન મુમુક્ષુઓને થાય એવા શુભ આશયથી ‘સત્સંગદીક્ષા’ એ નામનું શાસ્ત્ર રચવામાં આવે છે. (૭)

सत्यस्य स्वात्मनः सङ्गः सत्यस्य परमात्मनः।
सत्यस्य च गुरोः सङ्गः सच्छास्त्राणां तथैव च॥८॥

विज्ञातव्यमिदं सत्यं सत्सङ्गस्य हि लक्षणम्।
कुर्वन्नेवंविधं दिव्यं सत्सङ्गं स्यात् सुखी जनः॥९॥

સત્યસ્ય સ્વાત્મનઃ સંગઃ સત્યસ્ય પરમાત્મનઃ।
સત્યસ્ય ચ ગુરોઃ સંગઃ સચ્છાસ્ત્રાણાં તથૈવ ચ॥૮॥

વિજ્ઞાતવ્યમિદં સત્યં સત્સંગસ્ય હિ લક્ષણમ્।
કુર્વન્નેવંવિધં દિવ્યં સત્સંગં સ્યાત્ સુખી જનઃ॥૯॥

સત્ય એવા આત્માનો સંગ કરવો, સત્ય એવા પરમાત્માનો સંગ કરવો, સત્ય એવા ગુરુનો સંગ કરવો અને સચ્છાસ્ત્રનો સંગ કરવો એ સત્સંગનું સાચું લક્ષણ જાણવું. આવો દિવ્ય સત્સંગ કરનાર મનુષ્ય સુખી થાય છે. (૮-૯)

दीक्षेति दृढसङ्कल्पः सश्रद्धं निश्चयोऽचलः।
सम्यक् समर्पणं प्रीत्या निष्ठा व्रतं दृढाश्रयः॥१०॥

દીક્ષેતિ દૃઢસંકલ્પઃ સશ્રદ્ધં નિશ્ચયોચલઃ।
સમ્યક્ સમર્પણં પ્રીત્યા નિષ્ઠા વ્રતં દૃઢાશ્રયઃ॥૧૦॥

દીક્ષા એટલે દૃઢ સંકલ્પ, શ્રદ્ધાએ સહિત એવો અચળ નિશ્ચય, સમ્યક્ સમર્પણ, પ્રીતિપૂર્વક નિષ્ઠા, વ્રત અને દૃઢ આશરો. (૧૦)

शास्त्रेऽस्मिञ्ज्ञापिता स्पष्टम् आज्ञोपासनपद्धतिः।
परमात्म-परब्रह्म-सहजानन्द-दर्शिता॥ ११ ॥

શાસ્ત્રેસ્મિંજ્ઞાપિતા સ્પષ્ટમ્ આજ્ઞોપાસનપદ્ધતિઃ।
પરમાત્મ-પરબ્રહ્મ-સહજાનંદ-દર્શિતા॥ ૧૧ ॥

આ શાસ્ત્રમાં પરબ્રહ્મ સહજાનંદ પરમાત્માએ દર્શાવેલ આજ્ઞા તથા ઉપાસનાની પદ્ધતિને સ્પષ્ટ રીતે જણાવી છે. (૧૧)

सत्सङ्गाऽधिकृतः सर्वे सर्वे सुखाऽधिकारिणः।
सर्वेऽर्हा ब्रह्मविद्यायां नार्यश्चैव नरास्तथा॥१२॥

સત્સંગાધિકૃતઃ સર્વે સર્વે સુખાધિકારિણઃ।
સર્વેર્હા બ્રહ્મવિદ્યાયાં નાર્યશ્ચૈવ નરાસ્તથા॥૧૨॥

પુરુષો તથા સ્ત્રીઓ સર્વે સત્સંગના અધિકારી છે, સર્વે સુખના અધિકારી છે અને સર્વે બ્રહ્મવિદ્યાના અધિકારી છે. (૧૨)

नैव न्यूनाधिकत्वं स्यात् सत्सङ्गे लिङ्गभेदतः ।
स्वस्वमर्यादया सर्वे भक्त्या मुक्तिं समाप्नुयुः ॥१३॥

નૈવ ન્યૂનાધિકત્વં સ્યાત્ સત્સંગે લિંગભેદતઃ ।
સ્વસ્વમર્યાદયા સર્વે ભક્ત્યા મુક્તિં સમાપ્નુયુઃ ॥૧૩॥

સત્સંગમાં લિંગભેદથી ન્યૂનાધિકપણું ન જ સમજવું. બધા પોતપોતાની મર્યાદામાં રહી ભક્તિ વડે મુક્તિને પામી શકે છે. (૧૩)

सर्ववर्णगताः सर्वा नार्यः सर्वे नरास्तथा।
सत्सङ्गे ब्रह्मविद्यायां मोक्षे सदाऽधिकारिणः॥१४॥
न न्यूनाऽधिकता कार्या वर्णाऽऽधारेण कर्हिचित्।
त्यक्त्वा स्ववर्णमानं च सेवा कार्या मिथः समैः॥१५॥
जात्या नैव महान् कोऽपि नैव न्यूनस्तथा यतः।
जात्या क्लेशो न कर्तव्यः सुखं सत्सङ्गमाचरेत्॥१६॥

સર્વવર્ણગતાઃ સર્વા નાર્યઃ સર્વે નરાસ્તથા।
સત્સંગે બ્રહ્મવિદ્યાયાં મોક્ષે સદાધિકારિણઃ॥૧૪॥
ન ન્યૂનાધિકતા કાર્યા વર્ણાધારેણ કર્હિચિત્।
ત્યક્ત્વા સ્વવર્ણમાનં ચ સેવા કાર્યા મિથઃ સમૈઃ॥૧૫॥
જાત્યા નૈવ મહાન્ કોપિ નૈવ ન્યૂનસ્તથા યતઃ।
જાત્યા ક્લેશો ન કર્તવ્યઃ સુખં સત્સંગમાચરેત્॥૧૬॥

સર્વ વર્ણના સર્વ સ્ત્રીઓ તથા સર્વ પુરુષો સદાય સત્સંગ, બ્રહ્મવિદ્યા અને મોક્ષના અધિકારી છે. વર્ણના આધારે ક્યારેય ન્યૂનાધિકભાવ ન કરવો. સર્વ જનોએ પોતાના વર્ણનું માન ત્યજીને પરસ્પર સેવા કરવી. જાતિએ કરીને કોઈ મહાન નથી અને કોઈ ન્યૂન પણ નથી. તેથી નાત-જાતને લઈને ક્લેશ ન કરવો ને સુખે સત્સંગ કરવો. (14-16)

**શ્રેણી - ૧ નો મુખપાઠ ઓડિયો દ્વારા કરવા માટે નીચેની લીંક દબાવો.**

Click here